## પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૧૮/૦૯/૨૦૨૨ થી તા. ૨૪/૦૯/૨૦૨૨ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-

### (૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૨/૨૦૨૨ તા.૧૭/૦૯/૨૦૨૨ :-

તા. ૧૭/૦૯/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે આર.પી.એફ. કંટ્રોલ રૂમાંથી પો.કોં. રાજેંદ્રરાવ નાઓએ વર્ધી લખાવેલ કે એક છોકરીને ટ્રેન નં ૧૨૯૪૦ જયપુર પુણે એક્સ ટ્રેનમાં કીડનેપ થયેલ છે યોગ્ય કાર્યવાહી કરશો તેમ જણાવતા વુ.એ.એસ.આઇ. મનીષાબેન તથા પો. હેડ કોંસ કેશરસિંહ ઉદેસિંહ તથા વુમન પો. કોંસ પુનમબેન ભીખાભાઇ તથા પો. કોંસ નિલેશભાઇ અરવિદભાઇ નાઓ સદર ગાડી ઉપર જઇ તપાસ કરતા ટ્રેનના પાછળના જનરલ કોચમાંથી જણાવ્યા મુજબની છોકરી મળી આવતા સુરત રે.પો.સ્ટે.મા લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ પુજા ડો/ઓ ગોપાલ જાતે વૈષ્ણવ ઉ.વ. ૧૬ ધંધો અભાસ રહે ક્રિષ્ણાનગર સોસાયટી કુમાવત રૂમ નં ૦૯ ભીલવાડા રાજસ્થાન વાળીએ જણાવેલ કે તેને મહાવીર ભટ્ટ નામના છોકરા સાથે પ્રેમ સંબધ હોય અને સદર છોકરાએ તેને મુબંઇ બોલાવેલ જેથી તે તા ૧૭/૦૯/૨૦૨૨ ના રોજ સવારના ઘરેથી કોઇને જાણ કર્યા વગર નીકળી જયપુર રેલ્વે સ્ટેશનથી ટ્રેનમાં બેસી ગયેલ અને તેને અજાણ્યા પેસેંજરના મોબાઇલ નંબર ઉપરથી મહાવીર નામના છોકરાને ફોન કરેલ કે હુ મુબંઈ જાવુ છુ જેથી સદર છોકરીએ કિડનેપ કરીને લઇ જતા હોય તેવી અફવા ફેલાવેલ હતી પરતુ સદર છોકરી તેની મરજીથી ઘરે થી ભાગીને આવેલ હોય જે બાબતે તેણીના પિતાએ બાળકી ગુમ થયા અંગેની પ્રતાપનગર ભીલવાડા રાજ્ય રાજસ્થાન પોલીસ સ્ટેશનમાં ફસ્ટ ગુ.ર. નં ૭૩૮/૨૦૨૨ ઇ.પી.કો કલમ ૩૬૩ મુજબનો ગુનો તા ૧૭/૯/૨૨ ના રોજ દાખલ થયેલ હોય જેથી સદર બાળકીને લેવા માટે રાજસ્થાન પોલીસ આવનાર હોય જેથી પોલીસ તથા વાલીવારસો ન લેવા ત્યા સુધી તેને ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ રામ નગર રાદેર સુરત મુકવામાં આવેલ

બાદ તા ૧૯/૦૯/૨૦૨૨ ના રોજ પ્રતાપનગર ભીલવાડા પોલીસ સ્ટેશન ના હેડ કોંસ અર્જુનસિગ ૧૧૭૨ તથા વુમન પો. કોંસ સુમન બ, ન, ૮૬૭ પો. કોંસ મુકેશ ૧૪૬૬નાઓ સુરત રે.પો.સ્ટે. લેવા માટે આવતા તેમની પાસેથી સદર ગુનાની એફ.આઇ.આર રજુ કરતા સદર ગુનામાં ભોગ બનનાર બાળકી નામે પુજા ડો/ઓ ગોપાલ જાતે વૈષ્ણવ ઉ.વ. ૧૬ ધંધો અભાસ રહે ક્રિષ્ણાનગર સોસાયટી કુમાવત રૂમ નં ૦૯ ભીલવાડા રાજસ્થાન વાળી હોય યોગ્ય કાર્યવાહી કરી સદર બાળકીનો કબ્જો પ્રતાપનગર ભીલવાડા રાજ્ય રાજસ્થાન પોલીસને રૂબરૂમા સોપવામાં આવેલ છે

### (૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૪૫/૨૦૨૨ તા.૧૯/૦૯/૨૦૨૨ :-

તા. ૧૯/૦૯/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે પ્લે.નં. ૦૧ ના દાદર ઉપર એક બાળક એકલો બેસેલ જોવામા આવતા તેના વાલી વારસો વિશે પુછપરછ કરતા તેને જણાવેલ કે તે તેના ફોઇના ઘરે બે મહીના પહેલા ઉમરગામ આવેલ હતો અને ત્યાર બાદ તેને તેના માતાપિતાની યાદ આવતા તે તેના ફોઇને જણાવતો હતો કે મારે વતન જવુ છે મને માતાપિતાની યાદ આવે છે તેમ જણાવતા તેની ફોઇએ જણાવેલ કે પછી તને મુકી આવીશુ તેમ જણાવતા હોય જેથી સદર બાળક તેના માતાપિતા પાસે જવા સારૂ તા ૧૮/૦૯/૨૦૨૨ ના રોજ તેના ફોઇને ટ્યુશન જાઉ છુ તેમ કહીને તે ઘરેથી નિકળી ટ્રેનમાં બેસી સુરત આવેલ અને ત્યાથી કોઇ પણ ટ્રેનમા બેસી મુબંઇ જતો રહેલ અને ત્યાર બાદ મુબંઇ ફરીને પરત મુ્બઇ સેન્ટ્રલથી ટ્રેન માં બેસી સુરત આવેલ હોવાનુ જણાવતા સદર બાળકને સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ શ્રવણકુમાર સ/ઓ શ્રીટુનુબિશાલ જાતે શાહુ ઉ.વ. ૧૨, ધંધો-ધોરણ પાંચ માં અભ્યાસ રહે વોર્ડ નં ૪ દીનદયાલ નગર સૌયદરાજ બરહની ચંદૌલ ઉત્તરપ્રદેશ હાલ ઘર નં ૨૦૩ શિવમ વિહાર એપાર્ટમેન્ટ ઉમરગામ વાપી જી વલસાડવાળા પાસેથી તેના પિતાનો સંપર્ક નંબર મેળવી જાણ કરતા તેઓએ જણાવેલ કે તેઓ યુ.પી માં રહે છે અને તેઓના જમાઇ સુરત રહે છે જેથી તેઓનો કોન્ટેકટ નંબર મેળવી સંપર્ક કરી તેઓનુ નામ ઠામ પુછતા પ્રભુસાદ સ/ઓ છગનભાઇ પટેલ ઉ.વ. ૩૫ ધંધો હિરા બજાર રહે ઘર નં ૧૩૪ રૂક્ષમણી નગર સોસાયટી નાના વરાછા સુરતવાળા સુરત રે.પો.સ્ટે.મા લેવા માટે આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી બાળકનો કબજો તેના જીજાજીને રૂબરૂમા સોપવામા આવેલ છે. જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**(૩) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૦૭/૨૦૨૨ તા.૨૦/૦૯/૨૦૨૨ :-**

તા.૨૦/૦૯/૨૦૨૨ ના રોજ ચાઇલ્ડ લાઇન ટીમ દ્વારા એક બાળક મળી આવતા સદર બાળકને સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેને પુછપરછ કરતા તેઓ જણાવેલ કે માતાપિતા અભ્યાસ બાબતે મારઝુડ કરતાહોય જેથી તેઓ ઘરે કોઇને જાણ કર્યા વગર નીકળી આવેલ છે જે બાબતે ત્નુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ સચીન સા/ઓ નિતીન જાતે પ્રજાપતી ઉ. વ. ૧૪ ધંધો અભ્યાસ રહે શીવાજી નગર ઝાસી હાલ રહે અંકલેશ્વર જે ભરૂચ વાળા નાઓ તેના માતાપિતાનો મોબાઇલ નંબર આપતા તેઓનો સંપર્ક કરી અત્રે બોલવી તેઓના યોગ્ય આધાર પુરાવા મેળવી બાળકનો કબ્જો તેના માતા પિતાને સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે.

**(૪) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૧૦/૨૦૨૨ તા.૨૦/૦૯/૨૦૨૨ :-**

તા. ૨૦/૦૯/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રેલ્વે સ્ટેશન પ્લે નં ૧ ઉપર એક છોકરી મળી આવેલ જેની પુછપરછ કરતા તેને જણાવેલ કે તે ધોરણ ૧૦ મા અભ્યાસ કરે છે અને તેનો ભાઇ તેને ભણવા બાબતે બોલતા તેને લાગી આવતા તે ઘરેથી જાણ કર્યા વગર નીકળી આવેલ હોવાનુ જણાવતા તેનુ નામ પુછતા પોતે પોતાનુ નામ સેજલ ડો/ ઓ ધનરાજ જાતે ધોરાડકર ઉ.વ. ૧૭ ધંધો અભ્યાસ રહે ભંડારી રોડ કાપસી જી નાગપુર વાળી હોવાનુ જણાવતા પારડી પોલીસ સ્ટેશન કાપસી ગામ જી નાગપુર પોલીસના વુમન હેડ કોન્સ. કલ્પના ગાયકવાડનો સંપર્ક નંબર મેળવી જાણ કરી વાલીવારસોને જાણ કરવા જણાવેલ બાદ સદર છોકરીના કાકા નામે રવિંદ્ર નો ફોન નં ૯૫૬૧૩૪૯૩૧૯ આવતા તેઓએ જણાવેલ કે તેના ભાઇની દિકરી સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમાં મળી આવેલ છે તેવી હકીકત જણાવતા તેઓએ જણાવેલ કે તેની માતા બાર તેર વર્ષ પહેલા મરણ ગયેલ છે અને ત્યારથી અમો છોકરીને અમારા ઘરે લઇ ગયેલ છે અને તે અમારી સાથેજ રહે છે તા ૧૯/૦૯/૨૦૨૨ ના રોજ બન્ને પતિ પત્ની કામ ધંધે ગયેલ હતા અને છોકરી એકલી હોય જેથી તેનો ભાઇ આવી તેને કહેલ કે તુ ૧૦ માં ધોરણમાં ભણે છે તો વાચવા બેસ તેમ કહી તેને લાફો મારતા તેને લાગી આવતા તે ઘરેથી જાણ કર્યા વગર નિકળી આવેલ અને સાંજના ઘરે આવતા સેજલ નહી મળી આવેલ અને તા ૨૦/૦૯/૨૦૨૨ ના રોજ પારડી નાગપુર પોલીસ તેઓના ઘરે આવી જણાવેલ કે તેની દિકરી સુરત રેલ્વે પોલીસ સ્ટેશન ગુજરાતમાં મળી આવેલ છે તેવી હકીકત જણાવેલ બાદ છોકરીના કાકા નામે રવિ સ/ઓ શંકરરાવ ધારોડકર ઉ.વ. ૩૬ ધંધો નોકરી રહે સદર તથા તેના પત્ની નામે સંગીતા વા/ઓ રવિંદ્ર જાતે ધોરાડકર ઉ.વ.૩૫ ધંધો ઘરકામ રહે સદર નાઓ સુરત રે.પો.સ્ટે.મા તેને લેવા માટે આવતા તેઓના નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી છોકરીનો કબજો રૂબરૂમા સોપવામા આવેલ છે

**(૫) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૩૦/૨૦૨૨ તા.૨૧/૦૯/૨૦૨૨ :-**

તા. ૨૧/૦૯/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રે.પો.સ્ટે.મા મીસીગ તુમારી કામ કરતા હાજર હતા તે વખતે પી.એસ.ઓ બાબુભાઇ મનસુખભાઇ નાઓએ જણાવેલ કે આર.પી.એફ દ્વારા એક છોકરો તથા એક છોકરી રજુ કરેલ જે બાબતે બન્નેને મીસીંગ સેલ ઓફીસ લાવી બાળકોનુ નામ ઠામ પુછતા છોકરી નામે રીયા ડો/ઓ સંત રજન જાતે યાદવ ઉ.વ. ૧૩ રહે નવયુગ ચૌલ કમેટી ડો બાબા સાહેબ આમ્બેડકર નગર નેરસદની મંદીર કુરેર વિલેજ મલાડ મુબંઇ તથા છોકરનનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ અભિષેક સ/ઓ રામસેવક જાતે શર્મા ઉ.વ. ૧૭ ધંધો મજુરી રહે. નવયુગ ચૌલ કમેટી ડો બાબા સાહેબ આમ્બેડકરનગર નેરસદની મંદીર કુરાર વિલેજ મલાડ મુબંઇને પુછતા તેઓએ જણાવેલ કે અમો બે વર્ષ પહેલા પ્રેમ સંબંધ હતો અને તે અવાર નવાર ફોન ઉપર વાતચીત કરતા હોય બન્નેના ઘરે જે બાબતની જાણ થઇ જતા પિતા મારશે તેવો ડર લાગતા તા ૨૦/૦૯/૨૨ ના રોજ તે ફોન ઉપર વાતચીત કરી અભિષેકે તેની માતાને જણાવેલ કે તે પુના તેના મિત્રના ઘરે જાવુ છુ તેમ કહી ઘરેથી નીકળી ગયેલ અને રીયા સવારના ઘરે થી સ્કુલે જવાનુ કહીને ઘરે થી નીકળેલ હતી તેઓ બન્ને મલાડ રેલ્વે સ્ટેશન આવેલ હતા અને ત્યાથી તેઓ બન્ને વિરાર આવેલ પછી અમો દાહણુ રેલ્વે સ્ટેશનથી કોઇ પણ ટ્રેનમાં બેસી સુરત આવેલ હોવાનુ જણાવતા તેમની પાસેથી તેમના માતા-પિતાના મોબાઇલ નંબર વિશે પુછતા છોકરાના મોટાભાઇ નામે સચીનનો મોબાઇલ નંબર આપતા તેઓ સાથે વાત કરતા જણાવેલ કે તેનો ભાઇ અભિષેક તથા રીયા નામની છોકરી સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમાં છે તેમ જણાવતા તેઓએ જણાવેલ કે અમો મુબંઇથી નીકળી ગયેલ છીએ અને છોકરીના પિતાએ કુરાર પોલીસ સ્ટેશન મહારાષ્ટ્ર મુબંઇ માં

...ફરીયાદ લખાવેલ હોય જે ફરીયાદ ફસ્ટ ગુ. ર. નં ૮૮૫/૨૦૨૨ ઇ.પી.કો કલમ ૩૬૩ મુજબ ગુનો તા ૨૦/૦૯/૨૦૨૨ ના કલાક ૧૮/૨૮ વાગે દાખલ કરેલ છે જેથી છોકરીના પિતા તથા છોકરાનો ભાઇ સાથે જ છે તેમ જણાવતા કુરાર પોલીસ સ્ટેશનના પો.સબ ઇન્સ શ્રી રમેશ સીગંટે નાઓનો મોબાઇલ ફોન ઉપર સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે જે ગુનાની તપાસ તે કરે છે અને સદર છોકરીના પિતા તથા છોકરાના ભાઇ સુરત લેવા આવેલ છે તેમ જણાવતા કબ્જો સોપી દો તેમ જણાવતા તેઓએ અમારા વોટસપએપ ઉપર એન.ઓ.સી લખી મોકલાવેલ હોય જેથી સદર ગુનાની એફ.આઇ આર તથા યોગ્ય આધાર પુરાવા મેળવી બન્ને છોકરા-છોકરીનો કબ્જો તેઓના વાલીવારસોને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**(૬) <u>સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૫૧/૨૦૨૨ તા.૨૧/૦૯/૨૦૨૨</u> :-**

તા. ૨૧/૦૯/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે ટ્રાફીક એરીયામાં એક બાળક આમતેમ ફરતો જોવામા આવતા તેની પાસે જઇ તેને તેના વાલીવરસો વિશે પુછપરછ કરતા તેને તેના માતાપિતા ભણાવા બાબતે મારઝુડ કરતા હોય અને તા ૧૭/૦૯/૨૦૨૨ ના રોજ તે સવારના ઘરે થી કોઇને જાણ કર્યા વગર નીકળી આવેલ હોવાનુ જણાવતા તેને સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ સંદીપ સ/ઓ રમેશ જાતે આદિવાસી ઉ.વ. ૧૫ ધંધો અભાસ રહે ગાવ પંચબહાર થાના સુહાગી જી રીવા મધ્યપ્રદેશ વાળા પાસેથી તેના પિતાનો મોબાઇલ નંબર મેળવી જાણ કરતા તેના પિતા નામે રમેશપ્રસાદ સ/ઓ કામતાપ્રસાદ જાતે આદિવાસી નાઓએ જણાવેલ કે તેનો દિકરો તા ૧૭/૦૯/૨૦૨૨ ના રોજ સવારના ચારેક વાગે નીકળી ગયેલ હતો અને સગાસંબધી મિત્ર વર્તુળમાં તપાસ કરતા મળી આવેલ ન હોય જેથી સુહાગી પોલીસ સ્ટેશનમાં દિકરો ગુમ થયા અંગેની જાહેરાત કરતા સુહાગી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર. નં ૩૦૦/૨૦૨૨ ઇ.પી.કો કલમ ૩૬૩ મુજબ તા ૧૭/૦૯/૨૦૨૨ ના રોજ ગુનો દાખલ કરવેલ હોવાનુ જણાવતા તેઓએ જણાવેલ કે તેનો ભાઇ નામે બ્રિજેશકુમાર આદિવાસી ઉ.વ. ૩૦ ધંધો મજુરી રહે પાંડેસરા પોલીસ કોલોની સુરત વાળાને જાણ કરતા તેઓ સુરત રે.પો.સ્ટે.મા લેવા માટે આવતા તેનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા તથા એફ.આઇ.આર ની નકલ મેળવી બાળકનો કબ્જો તેના કાકા ને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામા આવેલ છે.

**(૭) <u>સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૪૦/૨૦૨૨ તા.૨૨/૦૯/૨૦૨૨</u> :-**

તા. ૨૨/૦૯/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે એક ઇસમ નામે જીગ્નેશ સ/ઓ કિશોરભાઇ વસાવા ઉ.વ. ૨૪ ધંધો-નર્સીગ રહે. પી.પી.સવાણી હોસ્ટેલ સુરત મુળ ગામ માડવીપાણી તા સોનગઢ જી તાપી વ્યારા નાઓએ જણાવેલ કે તેની કુટ઼ંબી બહેન તા ૧૮/૦૯/૨૦૨૨ ના રોજ તેના વતનથી બે બાળકો મુકીને આવી ગયેલ છે અને તે ફોન ઉપર વાતચીત કરતા તેનુ લોકેશન સુરતનુ આવતુ હોવાનુ જણાવતા સદર ઇસમ સાથે સુરત રેલ્વે સ્ટેશન ઉપર ફરતા હતા તે વખતે પ્લે નં બે ના છેડા ઉપર એક મહિલા તથા એક છોકરો બેસેલ જોવા મળતા સદર ઇસમે બતાવેલ ફોટા વાળી મહિલા હોય જેને પુછપરછ કરી સુરત રે.પો.સ્ટે. લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ ખુશ્બુ વા/ઓ આનંદ વસાવા ઉ.વ. ૨૦ રહે.ગામ ખડકી રોડ તા સાગબારા જી નર્મદા તથા છોકરાનુ નામ પુછતા પોતે પોતાનુ નામ પિયુષ સ/ઓ દાતારામ જાતે જાટવ ઉ.વ. ૧૯ ધંધો મજુરી રહે કડોદરા પ્રિયંકા સોસાયટી સુરત મુળ ગામ ખંજાપુરા તા સોણા જી દતીયા મધ્યપ્રદે વાળાએ જણાવેલ કે અમો બન્ને એક બીજાને પ્રેમ કરીએ છીએ જેથી ખુશ્બુને લગ્ન કરવાના ઇરાદે સુરત બોલાવી અમો મોરબી જવાના હતા તેમ જણાવતા સદર મહિલાના પતિને ફોન કરી જાણ કરતા તેઓએ જણાવેલ કે તેની પત્ની તા ૧૮/૦૯/૨૦૨૨ ના રોજ ઘરે થી ગુમ થયેલ છે જે બાબતેની સાગબારા પોલીસ સ્ટેશનમાં અરજી આપેલ છે જેથી સાગબાર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ. બીપીન વસાવા નાઓને ફોન કરી જાણ કરતા તેઓએ જણાવેલ કે તેઓના પરીવાર નાઓએ એક અરજી આપેલ હોય ગુનો દાખલ કરેલ નથી જેથી સદર મહિલાનો પતિ સાગબારાથી લેવા માટે સુરત રે.પો.સ્ટે.મા આવતા તેનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર મહિલાનો કબજો તેના પતિને રૂબરૂમા સોપવામાં આવેલ છે અને સદર છોકરાને તેના મોટાભાઇ નામે...

અજય સ/ઓ ભગવાનદાસ જાટવ નાઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી રૂબરૂમા કબ્જો સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**(૮) સુરત રે.પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં. ૧૧૨૧૨૦૫૧૨ ૨૧૦૦૩/૨૨ NDPS Act કલમ-૮(સી), ૨૦(બી)ii,સી મુજબ. તા. ૨૨/૦૯/૨૦૨૨ :-**

સુરત પાર્ટ-બી ગુ.ર.નં. ૧૧૨૧૨૦૫૧૨ ૨૧૦૦૩/૨૨ NDPS Act, કલમ-૮(સી), ૨૦ (બી) ii, (સી) મુજબના ગુનામાં તા.૨૨/૦૯/૨૨ ના કલાક ૦૨/૦૦ વાગે વ્યારા રે.સ્ટે. પસાર થયા બાદ ટ્રેન નં.૧૨૮૪૩ પુરી-અમદાવાદ એક્સ. ટ્રેનના કોચ નં.એસ/૨ અને એસ/૩ ની વચ્ચેના કોરીડોરમાંથી કોઇ અજાણ્યા ઇસમે પોતાના આર્થિક લાભ માટે ૨૧.૬૫૯ કિલોગ્રામ ગાંજો કિં. રૂા. ૨,૧૬,૫૯૦/-, પેકીંગ મટીરીયલ કિં. રૂા.૦૦/- તથા એક ટ્રોલીબેગ તથા એક બેકપેક કિં.રૂા.૭૦૦/- મળી કુલ કિંમત રૂા.૨,૧૭,૨૯૦/- નો આયાત કરી પોલીસમા પકડાઇ જવાના ડરે ગાંજાનો જથ્થો બિનવારસી હાલતમા છોડી નાસી ગયેલ જે મળી આવતા ઉપરોકત નંબર, કલમથી ગુનો રજીસ્ટર કરવામા આવેલ છે.

**"પોલીસ અધિક્ષકશ્રીની આજ્ઞાનુસાર "**

Sd/-
(એસ.ડી. ભટ્ટ)
રીડર પો.સબ ઇન્સ.
પોલીસ અધિક્ષકની કચેરી
પશ્ચિમ રેલ્વે, વડોદરા